# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

શક્યતા ના હોય જ્યારે આપણે ત્યારે મળીશું,
હોય ના ઈચ્છા લગારે આપણે ત્યારે મળીશું.

એક ઈચ્છા આ બધાં તોફાનથી ઉગરી જશે,
ને પછી ડૂબશે કિનારે આપણે ત્યારે મળીશું.

ખાલીપાનું ખામણું ભરપૂર જ્યારે થઇ જશે,
લાગણી લહેરાશે ક્યારે આપણે ત્યારે મળીશું.

- હર્ષદ સોલંકી

## પાથેય

- રમેશ ઠક્કર

# મહેચ્છાઓના મનસૂબા

મળવું એક રીતભાત છે.આપણે સૌ એકમેકના સહવાસથી જીવતા રહીએ છીએ.કહેવાય છે કે માણસ સામાજિક પ્રાણી છે મ.એ અન્યના સહારા વગર ટકી શકતો નથી.જગતમાં જો કોઈ સૌથી જરૂરી મહત્વની ચીજ હોય તો એ લાગણી કે અન્ય તરફથી મળતી હૂંફ છે.માણસ હંમેશા તીવ્રતાથી અન્યને મળવાની મહેચ્છા રાખતો હોય છે. આ મનોરથ પણ સમજવા જેવો છે.સામાન્ય રીતે માણસ કોઈકને મળે અથવા તો કોઈની સાથે સંબંધ રાખે ત્યારે એની પાછળ કશુક પ્રાપ્ત કરવાની કે કંઈક મેળવવાની ઝંખના રહેલી હોય છે.

દરેક સંબંધ જયારે આવી ભૂમિકા ઉપર રચાયેલો હોય ત્યારે કોઈ પણ પ્રકારની શક્યતા વગર કોઈને મળવાની વાત કેટલી અલગ લાગે? ? આપણને કોઈને મળવાની ઈચ્છા જ ન હોય અને છતાં પણ કોઈના માટે ઉત્કટતા અનુભવીએ એ એક અલૌકિક અનુભવ છે.કવિ માણસની આ ભાવનાને સરસ રીતે મૂર્તિમંત કરે છે. આમ જોઈએ તો આવી અનેક વિટંબણાઓ માણસની ખેવનાઓને લપેટાયેલી હોય છે.ઈચ્છા એ ક્યારે એકલસૂરી નથી હોતી.તે હંમેશા ટોળામાં આવે છે. આ એનો સહજ સ્વભાવ છે.

સંકલ્પ હોય કે કોઈ મહેચ્છા હોય તો એનો રસ્તો પણ હોય છે.ઈચ્છાને હાથ પગ પણ હોય છે.એને અસ્થિ, માથું, અને ધડ હોઈ શકે.કોઈપણ ઈચ્છાને લઈને જીવવું એટલે ભર સમંદરમાં કોઈક વહાણ લઈને નીકળી પડવું.દરિયો બહારથી દેખાય એટલો શાંત હોતો નથી. એના મોજાં એ મજા લેવા માટે નથી હોતાં.એની થપાટો પાછળ ઘણી વાર ક્રુરતા પણ રહેલી હોય છે.આ બધાની વચ્ચે સલામત રહીને પોતાની નાવને હંકારતા રહેવું.એવું જ કોઈક ઈચ્છા લઈને જીવતા રહેવું એ વાતમાં પણ હોય છે.બધા તોફાનો વચ્ચેથી સલામત રીતે નીકળી જવાય એ જ રીતે આપણી ઈચ્છા પણ જો સલામત રીતે બચી જાય તો એનો રોમાંચ થતો હોય છે.પરંતુ ઘણીવાર ભર દરિયે સલામત રીતે નીકળી જતું કોઈ જહાજ સપાટી ઉપર આવતા કે કિનારે આવતા જ ખોડંગાઈ જતું હોય છે.આવું જ માણસની ઈચ્છાઓ માટે હોય છે.માંડમાડ સાચવેલી કોઈ મહેચ્છા જ્યાં પૂરી થવાની શક્યતા દેખાય ત્યાં જ એ જાણે મુરઝાઈ જતી હોય એવું ઘણીવાર લાગતું હોય છે.

ઈચ્છાઓની આવી છેવટે તો માણસમાં એક ખાલીપો ઊભો કરે છે ભીતરથી માણસ પોતાને એકલો અનુભવે છે. ધીમે ધીમે આ બાબતે એક પીડા? બનીને? રહી જાય છે. ભીતરનું વાસણ આવી નિષ્ફળતાઓથી ભરપૂર થઈ જાય એટલે કે ખાલીપાનું ખામણું છલકાઈ જાય ત્યારે માણસને એને પ્રતીક્ષા રહે છે. ક્યાંકથી લાગણીઓનું કોઈક ખેતર લહેરાઈ ઊઠે અને એના લીલાછમ ચાસ વચ્ચે કોઈ મનગમતી વ્યક્તિને મળીએ. આખરે તો માણસ ઈચ્છાને વ્યક્ત જ કરી શકે છે.એની પરિપૂર્તિ એ એના હાથની વાત હોતી નથી.આ મજબૂરી ગણી શકાય.પોતાની ભીતર પ્રગટતા આવા ભાવોને રોકવાની એની પાસે કોઈ શક્તિ હોતી નથી. અમર્યાદ ઈચ્છાઓનું ઘોડાપુર એને આડેધડ ખેંચી જાય છે.કોઈક અજાણ્યા જળ પ્રવાહમાં.એ શોધે છે એવો તરાપો જેના સહારે એ પોતાની પૂરપાટ ગતિને કોઈક દિશા આપી શકે. ઈચ્છાઓના મનસુબાને આ રીતે આકાર આપવાની માણસની મથામણ એ સાર્વત્રિક ભાવના છે.કવિ એક આશાવાદ સાથે સતત એને આલેખતો રહે છે.આ પણ એક મોટી ઈચ્છા જ ગણી શકાય !

# જેમના હૃદયમાં લોક કલાકારો માટે કરુણાનો મહાસાગર ઘૂઘવે છે: જોરાવરસિંહ જાદવ




પદ્મશ્રી જોરાવરસિંહ જાદવની હમણાં ભારત સરકારે સંગીત નાટક અકાદમીના વાઈસ ચેરમેન તરીકે નિમણૂક કરી છે. જોરાવરસિંહ જાદવ ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી છે. તેઓ વર્ષોથી ધૂણી ધખાવીને લોકકલા અને લોકકલાકારો માટે કામ કરી રહ્યા છે.

સરસ મજાનો ધોરીમાર્ગ હોય, બિલકુલ ખાડાખૈયા ન હોય, રસ્તાની સપાટી એકસરખી હોય, રસ્તો સીધો જતો હોય, ચાલવાની બધા જ પ્રકારની અનુકૂળતા હોય. આવા રસ્તા પર ચાલવું સહેલું છે.

રસ્તો સારો હોય, પણ હવામાન બરાબર ન હોય, પ્રકાશ ઓછો હોય, જે બાજુ જવાનું હોય એ બાજુથી જ જોરદાર પવન આવતો હોય... આવા રસ્તા પર ચાલવું અઘરું છે.

રસ્તાનાં કંઈ ઠેકાણાં ન હોય, ખાડાટેકરા ઘણી મોટી સંખ્યામાં હોય, રસ્તો આડોઅવળો જતો હોય, હવામાન પ્રતિકૂળ હોય, અંધારું હોય, સામી બાજુથી સખત પવન વાતો હોય... આવા રસ્તા પર ચાલવું ખૂબ કઠણ છે.

પોતાના જીવનમાં આ ત્રીજો વિકલ્પ ઘણી ઓછી વ્યક્તિઓ પસંદ કરતી હોય છે, તેમાંય જીવનમાં સરળ બીજા ઘણા વિકલ્પ હોય ત્યારે આવો વિકટ માર્ગ પસંદ કરનારી વ્યક્તિ તો ભાગ્યે જ મળે !

પણ જો એ વ્યક્તિનું નામ જોરાવરસિંહ જાદવ હોય તે આ વિકટ રસ્તા પર જ ચાલે, અને ધ્યેય સુધી પહોંચે પણ ખરી. કાચીપોચી વ્યક્તિ તો જે રસ્તે જવાનો વિચાર કરે તો પણ થથરી જાય, બે-ચાર ડગલાં ચાલીને હારીને થાકી જાય.. પણ જોરાવરસિંહ જેનું નામ, એ દાયકાઓથી આવા રસ્તે સફર કરી રહ્યા છે.

શું છે એ કામ ?

એ કામ છે લોકકલાને જીવંત રાખવાનું....

કામ છે લોકકલાકેરોના હાંફતા અને પડતા જતા શ્વાસને ઑક્સિજન આપવાનું....

એ કામ છે લોકકલાકારોને જીવંત રાખવાનું....

એ કામ છે ધૂળમાં રમતા, ખૂણામાં રહી ગયેલા, ખોવાઈ ગયેલા, ટેલિવિઝન, ફિલ્મ અને અન્ય રાક્ષસી પ્રચંડ સમૂહ માધ્યમો સામે ઓશિયાળા થઈ જતાં કલાકારોને ટટ્ટાર ઊભા કરવાનું.... તેમણે ગુજરાતના અનેક કલાકોરોને ગામડાંઓમાંથી, નેસડાઓમાંથી, ગરીબ વસાહતોમાંથી શોધી શોધીને વિશ્વના મંચ પર આણ્યા છે. સલામ સાહેબ, સલામ. અનેક કાર્યક્રમોમાં અનેક કલાકારો જોરાવરસિંહ જાદવને પગે લાગીને પેતાની કારદિર્દીનો યશ જાદવ સાહેબને આપતા જોયા છે. અનેક કલાકારો કે જેમણે ભાગ્યે જ પોતાનું ગામ જિંદગીમાં છોડ્યું હોય તેમને તેઓ પરદેશ લઈ ગયા હોય. તેમને સતત એક જ ચિંતા આ કલાકારોનું શું થશે ? સ્થિતિ એવી કે કલાકારોને પોતાની કલા સિવાય બીજું કશું આવડે પણ નહિં.... તેઓ લુપ્ત થતી કલાને, મૃત્યુ ભણી જતા કલાકારોને બચાવવા સતત રસ્તાઓ શોધ્યા કરે. તેમણે બે હજારથી પણ વધુ ચીંથરે વીંટ્યા રતન જેવા લોકકલાકારોને શોધ્યા છે. આજે તો તેમની સંસ્થા સાથે વિવિધ રાજ્યોના પાંચ હજારથી પણ વધુ લોકકલાકારો સંકળાયેલા છે. તેમણે કલાકારોને શોધીને વિશ્વ સમક્ષ મૂક્યા હોય એ પછી કલાકારો આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ કે પદ્મશ્રી એવોર્ડ સુધી પહોંચ્યા હોય એવું પણ બન્યું છે.

જોરાવરસિંહ જાદવે સ્થાપેલું ગુજરાત લોકકલા ફાઉન્ડેશન ગુજરાત અને ભારતવર્ષની લોકકલાઓની સાચી ઓળખ ધરાવે છે. તેમણે ૩૦મી મે, ૧૯૭૯માં ગુજરાત લોકકલા કેન્દ્રની સ્થાપના કરી હતી. એ પછી ૧૯૯૩માં તે બન્યું ગુજરાત લોકકલા ફાઉન્ડેશન. તેઓ સાચા સંયોજક છે. તેમનાં લોકકલાનાં અનેક પુસ્તકો વાચકોએ વખાણ્યાં છે, વિવેચકોએ પણ તેમનાં લોકકલામાં પુસ્તકોને પૂરા ગુણ આપ્યા છે. તેમનાં ઘણાં પુસ્તકો શાળા અને યુનિવર્સિટીઓમાં પાઠ્યપુસ્તકો તરીકે ભણાવાય છે.

જોરાવરસિંહ જાદવે છેલ્લાં થોડાં વર્ષોથી વિકલાંગ કલાકારોને પુરસ્કૃત કરવાનું શરૂ કર્યું છે. તેમનો આ અભિગમ પ્રશંસનીય છે.

જોરાવરસિંહ જાદવની સામાજિક પ્રતિબદ્ધતા જોઈને આનંદ થાય. ભૌતિકવાદના આ સમયકાળમાં આવો જણ જડવો અઘરો છે. એક વાતનું દુ:ખ પણ થાય કે તેમના પછી આ હજારો કલાકારોની ચિંતા કરશે કોણ ?

**ગોધૂલિઃ**

કોઈ પણ પ્રજાએ પોતાનાં મૂળ અને કુળને સાચવી રાખવા માટે લોકકલાઓ સાથે સતત જીવંત સંપર્ક રાખવો જોઈએ. ટેકનોલોજીની મદદથી બીજી કલાઓને ભલે આપણે સ્વીકારીએ, પરંતુ લોકકલાઓની ઉપેક્ષા આપણા પોતાના માટે જ જોખમી છે.





# પ્રેમ કરવો અને પુસ્તક વાંચવું એમાં કોઈ અંતર નથી હોતું




વાતવાતમાં કેવો નડે છે ?
તોય મોબાઈલ મને ગમે છે,
વચ્ચે ટપકી કેવો પડે છે?
તોય મોબાઈલ ને ગમે છે!
નાના-મોટા, અમીર-ગરીબ સૌ
ગજવે ઘાલીને ફરે છે,
જાણું છું કે વ્યસન છે,
તોય મોબાઈલ મને ગમે છે!

- સંજય થોરાત

મોબાઈલ એટલે આપણા હમસફર, આપણો સંગી-સાથી, આપણો દિવસ-રાતનો જોડીદાર અને પ્રાણથીયે વ્હાલો એવો આપણો આ મોબાઈલ આપણું અવિભાજ્ય અંગ ક્યારે બની ગયો એની આપને પોતાને પણ જાણ ન રહી. વ્યક્તિ, વસ્તુ, સ્થળ એ તમામ કરતાંયે આ નિર્જીવ મોબાઈલનું સ્થાન વધુ અગત્યનું છે. જો કે, કેટલાક બુદ્ધિજીવી લોકો આ નિર્જીવ સાધનને સજીવ સંબંધો પર હાવી થવા દેતા નથી. તેમણે મોબાઈલ માટેનો ચોક્કસ સમય ફાળવ્યો છે. મોબાઈલ એટલે માત્ર ફોન કરવાનું સાધનમાત્ર નહિં પરંતુ, મોબાઈલ એટલે ફેસબુક, મોબાઈલ એટલે વોટ્સએપ, વી-ચેટ, સ્નેપચેટ અને મોબાઈલ એટલે ફોટોગ્રાફી પણ ખરી અને સેલ્ફી પણ! અધધધ... કહી શકાય એટલા ઉપયોગો અને એટલી જ વેરાઈટીઝ! જાત જાતના અને ભાતભાતના મોબાઈલ ઉપલબ્ધ છે માર્કેટમાં. મોબાઈલ પસંદ કરવામાં લોકો કેટલો બધો અભ્યાસ કરે અને માર્કેટમાં જે લેટેસ્ટ મોડેલ available હોય તે જ પસંદ કરે. ઘરમાં ચાર સભ્યો સાથે બેઠા હોય તો તમામેતમામ મોબાઈલમાં પોતપોતાના group માં વ્યસ્ત હોય. અરે! હદ તો ત્યારે થઈ જાય જયારે શેરીમાં રમતા બાળકોને તેમના મા-બાપ મોબાઈલ અપાવે અને ત્યારથી સાચી અને real રમતગમતના બદલે ત્રણ-ચાર મિત્રો સાથે બેસીને પોતાપોતાના મોબાઈલમાં રહેલી game માં એકબીજા સાથે હરિફાઈ કરે!

મોબાઈલ એ વ્હાલો પણ ઘણો છે અને સાથોસાથ ખૂબ ઉપયોગી પણ. પરંતુ, આજે મારે વાત કરવી છે એવી ક્ષણોની કે જયારે તમારા હાથમાં રહેલો મોબાઈલ તમને યાદ જ ન આવ્યો હોય. અચાનક સવારના પહોરમાં ઉઠીને બારીની બહાર નજર નાખતાં જ સૂર્યોદયની અદ્ભૂત ક્ષણ આંખોમાં ઝીલાય અને પળવાર માટે બધું જ ભૂલાઈ જાય! અરે ફોટો પાડવાનું પણ યાદ ન આવે! બસ એ ક્ષણ આપણી આંખોમાં કેપ્ચર (capture) થાય અને સીધેસીધી હૃદયમાં જડાઈ જાય. કોઈ સરસ મજાનું નાટક કે જકડી રાખે તેવું movie જોવા ગયા હોઈએ ત્યારે ત્રણ કલાક માટે મોબાઈલ યાદ જ ન આવે એવું નથી બનતું? એક બાળકને જન્મ બાદ તુરંત જ હાથમાં લેતાંવેંત સમય થંભી જતો હોય તેમ લાગે અને એવા સમયે સંવેદનાનું એવું તો ઘોડાપુર ઉમટે કે મોબાઈલ યાદ જ ન આવે. પાનખરની ઋતુ બાદ ખરી ગયેલા પાનવાળા બુઠ્ઠા વૃક્ષની ડાળ પર અચાનક ક્યારેય ન જોયું હોય એવું કોઈ પંખી આવીને બેસે અને આપણે કેવા સ્ટેચ્યુની જેમ તેને ટગર ટગર જોવા લાગીએ છીએ. હલ્યા વિના તેને જોયા જ કરીએ છીએ કે રખે ને અવાજથી એ ડરીને ઊડી જશે તો ? ત્યારે મોબાઈલ સાવ ભૂલી જ જવાય છે. કવિ શ્રી જયંત કોરડિયા લખે છે કે,

"એક પંખી આવીને ટહુકી ગયું
સાવ ઠૂંઠા ઝાડવે ચેતન થયું.'

આ ઠૂંઠા ઝાડ સાથે બુઠ્ઠા થઈ ગયેલા આપણા હૈયામાં પણ કંઈક આવી જ ચેનતા પ્રગટે છે ને?

મનગમતી વ્યક્તિ સાથે સામસામે બેસીને વાતો કરતી વખતે પણ આ મોબાઈલ ભૂલાઈ જ જતો હોય છે ને? ખાસ કરીને પ્રેમમાં પડેલ વ્યક્તિ માટે આ કૂણી-કૂણી સંવેદનાઓ મનમાં હળવેકથી પ્રવેશતી હોય છે અને ત્યારે પણ મોબાઈલથી મેસેજીસ કરવાને બદલે રૂબરૂ મળવાની તલપ કંઈક અનોખી બાબત હોય છે. કોઈ કવિ કે લેખકની લખેલી સુંદર કૃતિને વાંચતી વખતે મન જાણે એક સ્વપ્નનગરની સફરે જતું રહે છે. કવિ કે લેખક આપણી આંગળી પકડીને આપણને શબ્દોની નગરીની સફર કરાવે છે. પંજાબી કવિ શ્રી સુર્તીંદરસિંહ નૂર ખૂબ સુંદર રીતે આ વિષે લખે છે જેનું અનુવાદ સુજાગા ગાંધીએ કર્યું છે :

"પ્રેમ કરવો અને પુસ્તક વાંચવું
એમાં કોઈ અંતર નથી હોતું.
કેટલાક પુસ્તકોનું મુખપૃષ્ઠ ભીંજવે છે.
પાનાં ઉથલાવીને મૂકી દઈએ છીએ.
કેટલાંક પુસ્તકો તકિયા નીચે મૂકીએ છીએ.
અચાનક જ્યારે પણ આંખ ખૂલે છે.
કેટલાંક પુસ્તકોનો શબ્દેશબ્દ વાંચીએ છીએ
એમાં ખોવાઈ જઈએ છીએ
ફરી પાછું વાંચીએ છીએ અને આત્મામાં વસાવી દઈએ છીએ.
કેટલાંક પુસ્તકોમાં રંગ-બેરંગી નિશાની કરીએ છીએ.
દરેક પંક્તિ પર વિચારીએ છીએ અને કેટલાંક પુસ્તકોનાં
નાજુક પૃષ્ઠો પર નિશાની કરતાં પણ ડરીએ છીએ.
પ્રેમ કરવો અને પુસ્તક વાંચવું
એમાં કોઈ અંતર નથી હોતું.''

તો આવો, આપણા વ્હાલા મોબાઈલથી પણ વ્હાલું શું - શું છે તે જાણવાનો પ્રયાસ કરીએ. સૂર્યોદય અને સૂર્યાસ્તના રંગોને મન ભરીન માણતા થઈએ. શારીરિક રીતે જ્યાં છીએ ત્યાં જ માનસિક રીતે પણ હાજર રહીએ અને આપણી સંવેદનાઓને પણ ત્યાં અચૂક સાથે રાખીએ. થોડો પ્રયત્ન કરશો તો આવી કેટલીક નાની-નાની ક્ષણ તમને તરત જ મળી આવશે કે જ્યાં વ્હાલામાં વ્હાલો મોબાઈલ પણ વિસરાઈ ગયો હશે!

લાસ્ટ સીન :
શું વાત કરો છો?
નો ટચ સ્ક્રીન
ઓન્લી ટચ ધ સ્ક્રીન
કહેવું પડે!

- સંજય થોરાત

- nehalgadhavi101@gmail.com

# બંધારણની કલમ-૧૯, ૨૧ તથા ૨૫ મુજબ બળજબરી ધર્માંતરણ ગુનો છે




બળજબરીપૂર્વક કરાવવામાં આવેલું ધર્માંતરણ એ નાગરિકોની ધાર્મિક સ્વતંત્રતાને અસર કરે છે, તેવું તાજેતરમાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું છે.

બળજબરીથી ધર્માંતરણ રોકવા માટે કરાવેલ એક અરજીની સુનવણીમાં નામ. સુપ્રિક કોર્ટે ગંભીર ટીપ્પણી કરી છે. સુપ્રિમ કોર્ટે બળજબરી પૂર્વક અને છેતરપિંડીથી કાયદાકીય જોગવાઈ વિરૂધ્ધ કરવામાં આવતા ધર્મ પરિવર્તનને ગેરકાયદેસર ઠેરવ્યું છે. તેમજ તે લગત કાયદાકીય જોગવાળ કરવા કેન્દ્ર સરકારને આ માટે કાયદો લાવવા તાકીદ કરી છે.

બળજબરી પૂર્વકનું ધર્માંતરણ કેટલીક વખત દેશની સુરક્ષાને પણ પ્રભાવિત કરી શકે છે. રાજ્ય સરકારે બળજબરી પૂર્વક થતાં ધર્માંતરણ મુદ્દે કાયદા બનાવ્યા છે. અનાજ આપી ગરીબ વિસ્તારમાં થતાં ધર્મ પરિવર્તન, લોભ-લાલચ આપી થતાં ધર્મપરિવર્તન ગેરકાયદેસર છે. જે બંધારણની કલમ-૧૪, ૨૧ અને ૨૫ મુજબ છેતરપિંડી, ધાક-ધમકી કે ડરાવી, ધમકાવી કરવામાં આવતાં ધર્મ પરિવર્તન થી નાગરિકોની ધાર્મિક સ્વતંત્રતાને અસર કરે છે. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ, સી.બી.આઈ., એન.આઈ.એ. વિગેરે એ આ અટકાવવા માટે યોગ્ય પગલા ભરવા જોઈએ તથા નાગરિકોને પ્રોટેક્શન પુરૂં પાડવું જોઈએ.

ગેરકાયદેસર ધર્મ પરિવર્તનને બંધારણ મુજબ અપરાધ જાહેર કરવામાં આવે છે. લૉ કમિશને ધર્મ પરિવર્તનને કન્ટ્રોલમાં કરવા માટે પલતાનો રિપોર્ટ સુપ્રિમ કોર્ટમાં રજુ કરવા જણાવ્યું છે. આ માટે કાયદો લાવવાની તાતી જરૂરીયાત ઉપર સુપ્રિક કોર્ટે ભાર મૂક્યો છે. આ એક કઠિન સ્થિતિ છે. જો તેના ઉપર કાબૂ મેળવવામાં ના આવે તો દેશની આંતરિક સુરક્ષા માટે ગંભિર ખતરો ઉભો થવાની સંભાવના છે. તેમજ દેશનાં નાગરિકો ઉપર ધાર્મિક સ્વતંત્રતાનાં અધિકાર ઉપર તરાપ સમાન છે.

આદિવાસી વિસ્તારમાં અનાજ, શિક્ષણ તથા પાયાની સવલતોની લાલચ આપી મિશનરી દ્વારા ધર્મ પરિવર્તન કરાવવાનાં બનાવો બનવા પામ્યા છે. કેટલીકવાર તેની ગંભીર અસરોની પિડિતાઓને ખબર હોતી નથી. કેટલીક વખત બિન હિન્દુ દ્વારા હિન્દુ યુવતીઓના જાતિય શોષણ માટે ધર્મ પરિવર્તનનો આસરો લેવામાં આવે છે. સમાજમાં લવ-જેહાદનાં બનાવો અવાર નવાર બનતા જ રહે છે. જેને ધર્મનાં ઓછા હેઠળ ગેરકાયદેસરની પ્રવૃતિને કાયદેસરની ના ગણી શકાય.

રાજ્યમાં ૬ થી ૧૪ વર્ષનાં બાળકને ફરજીયાત શિક્ષણ આપવાની જવાબદારી રાજ્ય સરકારની છે. બંધારણની કલમ-૨૧ મુજબ શિક્ષણને મૂળભૂત હક્ક તરીકે ગણવામાં આવેલ છે. રાઈટ ટૂ એજ્યુકેશન એક્ટ, ૨૦૧૦ દ્વારા પણ ફરજીયાત મફત પ્રાથમિક શિક્ષણ આપવા કાયદો ઘડવામાં આવ્યો છે. જે લગત મફત શિક્ષણની લાલચ આપી કોઈ એક સંસ્થા, ધર્મ દ્વારા વ્યક્તિનું ધર્મ પરિવર્તન કરી શકાય નહિ તે બંધારણીય કૃત્ય ગણવામાં આવ્યું છે.

ધર્મ કે ભાષા આધારિત તમામ લઘુમતિઓને પોતાની પસંદગીની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહિવટ કરવાનો હકક છે, પરંતુ તે લગત પછાત, ગરિબ લોકોને મફત શિક્ષણ, અનાજ ની લાલચ આપી ધર્મપરિવર્તન કરાવી પોતાની સંસ્થામાં ધર્મનું શિક્ષણ આપવું એ ગેરકાયદેસર છે. ભારતીય બંધારણની કલમ-૩૦(૧) મુજબ આપેલ સત્તા અધિકારનો ગેરકાયદેસર રીતે ધર્મ પરિવર્તન કરાવવા ઉમદા હથિયાર તરીકે ઉપયોગ કરી શકાય નહિ. ભારતનાં બંધારણની કલમ-૨૧ (એ) મુજબ શિક્ષણ પ્રાપ્તિનો મૂળભૂત હકક ઠરાવેલ છે. તેમજ કલમ-૧૫ મુજબ ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનને કારણે કરાતા ભેદભાવ ઉપર કાયદાથી પ્રતિબંધ મૂકવામાં આવ્ય છે. કલમ-૧૪ મુજબ કાયદાની સમાનતા અને કાયદાનાં સમાન રક્ષણની ખાતરી આપવામાં આવે છે. કાયદાની સમાનતા અને કાયદાનાં સમાન રક્ષણ બંને એક જ બાબત ગણવામાં આવી છે. સ્વવિવેકનો મનસ્વી રીતે ઉપયોગ કરી પોતાનાં ફાયદા માટે છેતરપિંડી આચરી ધાક-ધમકી આપી કે લોભ, લાલચ આપી ધર્મ પરિવર્તન કરાવવું એ ગેરબંધારણીય છે, જેને રોકવા માટે સરકારે પૂરતા કાયદા ઘડી તેનું પાલન કરાવવું જોઈએ.

હિન્દુ ધર્મ અતિ પ્રાચિન માનવામાં આવ્યો છે. સમયાંતરે વસ્તુઓમાં પરિવર્તન આવે તે સત્યથી ધર્મ પણ અલિપ્ત નથી. હિન્દુ ધર્મમાં અસ્પૃશ્યતા, સતીપ્રથા, દેવવાસી જેવી અમાનવીય પ્રથાઓનો કાળક્રમે અંત આવ્યો છે. કલમ-૨૫ મુજબ હિન્દુઓ માટે ખાસ જોગવાઈઓ ધર્મ, રૂઢિ, પરંપરાગત વ્યવહારો તથા મંદિર નિર્માણ નિભાવ તથા પૂજાપાઠ માટેનાં નિતિ નિયમો બનાવેલ છે. તેનું પાલન કરવું ફરજીયાત છે. ધાર્મિક સ્વતંત્રતાના આધારે ધર્મપરિવર્તન કરવું એ ગુનો છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in